| GJTP040009112026 | | Received on | 14-08-2026 |
|---|---|---|---|
| | | Registered on | 14-08-2026 |
| | सत्यमेव जयते | Decided on | 17-08-2026 |
| | | Duration | D M Y |
| | | | 03 00 00 |

**– :: શ્રી જી. એસ. પવાર, જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ ની કોર્ટ સમક્ષ, નિઝર ::–**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૬૮ / ૨૦૨૬**

**અરજદાર** :– **સાગર જબ્બરસિંગ પાડવી,**
રહે. અંતુર્લી, તા. નિઝર,
જિ. તાપી.

**વિરુદ્ધ**

**સામાવાળા** :– **શ્રી સરકાર.**
મારફત–નિઝર પોલીસ સ્ટેશન,
તા. નિઝર, જિ. તાપી.

| | |
|---|---|
| **અરજીઃ–** | **ક. ૪૮૦, બી. એન. એસ. એસ., ૨૦૨૩.** |
| **અરજદાર તરફેઃ–** | **વિ. વ. શ્રી ડી. જે. ઠાકરે.** |
| **સામાવાળા તરફેઃ–** | **વિ. એ. પી. પી. શ્રી પી. આર. વસાવા.** |

**:: હુકમ ::**
**( જાહેર તા. ૧૭/૦૮/૨૦૨૬ )**

(૧) અરજી તથા રેકર્ડ વંચાણે લીધુ તેમજ અરજદાર તરફે વિ. વ. શ્રી અને વિ. એ. પી. પી. શ્રી ને સાંભળ્યા.

(૨) સદર અરજી ક. ૪૮૦, બી. એન. એસ. એસ., ૨૦૨૩ હેઠળ આરોપી દ્વારા (હવેથી ``અરજદાર``) દ્વારા દાખલ કરી નિઝર પોલીસ સ્ટેશન દ્વારા અરજદાર વિરુદ્ધ તા. ૦૯/૦૭/૨૦૨૬ ના રોજ, ક. ૬૫(ઈ), ૮૧ અને ૯૮(૨), ગુજરાત પ્રોહીબીશન અધિનિયમ હેઠળના ગુના મુજબ અરજદાર વિરુદ્ધ દાખલ કરવામાં આવેલ એફ. આઈ. આર. નં. ૧૧૮૨૪૦૦૭૨૬૦૩૧૯ અન્વયે અરજદારોને જામીન પર મુક્ત કરવાની અરજ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ. વ. શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, પોલીસ દ્વારા માત્ર શંકાના આધારે અરજદારની અટક કરવામાં આવેલ છે, અરજદારને જેલમાં રાખવામાં આવે તો જેલના રિઢા ગુનેગારોના સંપર્કમાં આવી યુવા ઉંમરના કારણે વીપરીત અસર થઇ શકે છે. અરજદાર ગરીબ હોવાના કારણે તેઓના કુટુંબનો નિર્વાહ કરવાની જવાબદારી હોવાના કારણે તેઓને જામીન પર ના છોડ્યેથી અરજદારના પરિવારને ભુખમરીનો સામનો કરવો પડે તેમ છે. અરજદારને જામીન

G.S. Pawar.
J. M.F. C., Nizar

મુક્ત ન કરવામાં આવે તો તે મહત્વની કાનુની સહાયથી વંચીત રહી જાય તેમ છે. અરજદાર નાશી ભાગી જાય તેમ નથી, પુરાવા સાથે ચેડા કરે તેમ નથી, પોલીસ સાથે તપાસ દરમ્યાન સહકાર આપવા તેમજ તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે અને તેથી અરજદારને જામીન પર મુક્ત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા તરફે વિ. એ. પી. પી. શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર પર જે આરોપ છે તે ગંભીર પ્રકારનો છે પુરે પુરી શક્યતા છે કે તેઓને જામીન પર છોડી મુક્યેથી તેઓ પોલીસ સાથે તપાસમાં સહકાર આપશે નહી તેમજ નાશી ભાગી પણ જશે. તે ઉપરાંત એવી પણ શક્યતા છે કે, અરજદારને જામીન પર મુક્ત કર્યેથી તેઓ અન્ય પ્રકારના ગુનાહીત કૃત્યમાં સંડોવાઇ શકે તેમજ પોલીસના સાક્ષીઓને ધાક ધમકી આપે કે પછી પુરાવા સાથે છેડતી કરવાની પણ સંભાવના છે. તેથી સદર જામીન અરજી નામંજુર કરવા નમ્ર અરજ કરેલ છે.

(૫) અરજદાર વિરુદ્ધ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી એફ. આઇ. આર. વંચાણે લેતા સ્પષ્ટ જણાય છે કે, અરજદાર વિરુદ્ધ જે ગુના અંગેની એફ. આઇ. આર. નોંધવામાં આવેલ છે તે ગુનાની સજા આજિવન કેદ કે પછી ફાસી નથી. ક. ૪૮૦, બી. એન. એસ. એસ. મુજબ જ્યારે ગુનો નોન બેલેબલ હોય અને આજીવન કેદ દે ફાસીની સજા હોય અથવા આરોપી રીઢા ગુનેગાર હોય ત્યારે અત્રેની કોર્ટને તેવા વ્યક્તિને જામીન પર મુક્ત કરવાની સત્તા નથી પરંતુ તે સિવાયના સંજોગોમાં વ્યાજબી કારણોના આધારે કોર્ટને આરોપી જામીન પર મુક્ત કરવાની સત્તા છે. તેથી કોર્ટનું માનવુ છે કે અત્રેની કોર્ટને સદર જામીન અરજીનો ન્યાયીક નિર્ણય કરવાની સત્તા છે.

(૬) નામદાર વડી અદાલત દ્વારા અનેક ચુકાદાઓમાં bail is rule and jail is exception નો સિદ્ધાંત પ્રસ્થાપીત કરવામાં આવેલ છે. સદર સિદ્ધાંત મુજબ કોઇ પણ વ્યક્તિની રાઇટ ટુ લિબર્ટી વ્યાજબી કારણોને આધારે જ રેસ્ટ્રીક્ટ કરી શકાય. અરજદાર રીઢા ગુનેગાર હોય કે પછી તેઓનું ચરીત્ર ખરાબ હોય તેવી હકીકત સામાવાળા પક્ષ દ્વારા રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. તે ઉપરાંત, અરજદારપક્ષ તરફે કોર્ટ દ્વારા મુકવામાં આવતી તમામ શરતોનુ પાલન કરવા તૈયારી બતાવવામાં આવેલ છે. તેઓએ તમામ શરતોનું પાલન કરવા તૈયારી બતાવેલ હોવાની હકીકતને ધ્યાનમાં રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ–

**:: આખરી હુકમ ::**

અરજદારની જામીન અરજી નીચેની શરતોને આધીન મંજુર કરવામાં આવે છે.

**:: શરતો ::**

(૧) અરજદારે રૂ. ૫૦,૦૦૦/– નો બોન્ડ રજુ કરવો તેમજ એટલીજ રકમના જામીનદાર રજુ કરવા.

G.S. Pawar.
J. M.F. C., Nizar

(૨) અરજદારે સિક્યોરીટી ડિપોઝીટ પેટે રૂ. ૫,૦૦૦/– જમા કરાવવા, જે કેસના આખરી નિકાલ સમયે તેઓ પરત મેળવવા હકદાર રહેશે. પરંતુ કેસ ચાલતા દરમ્યાન જામીનની કોઇ પણ શરતોનો ભંગ કર્યેથી સદર રકમ સરકાર ખાલસા કરવામાં આવશે.

(૩) ચાર્જશીટ દાખલ થતા અરજદારે ચાર્જ ફ્રેમ માટે જાતે હાજર રહેવું.

(૪) અરજદારે પોલીસને તપાસ દરમ્યાન પુરે પુરો સાથ સહકાર આપવાનો રહેશે.

(૫) અરજદારે પુરાવાઓ સાથે છેડતી કરવી નહી તેમજ સાક્ષીઓને ધાક ધમકી પણ આપવી નહી.

(૬) અરજદારે કોઇ પણ પ્રકારના ગુનાહીત કૃત્યોમાં સંડોવાવુ નહી.

(૭) અરજદારે તેઓનુ કાયમી સરનામું તથા કોન્ટેક નંબર પુરશીશ થી જાહેર કરવો.

(૮) અરજદારે પાસપોર્ટ ધરાવતા હોય તો તે પાસપોર્ટ અત્રેની કોર્ટમાં જમાં કરાવવો અને ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

હુકમ આજરોજ તા. ૧૭/૦૮/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવવામાં આવ્યો.

**તા. : ૧૭/૦૮/૨૦૨૬.**
**મુ. તા. નિઝર, જિ. તાપી.**

**(ગર્વિત સુધિરસિંહ પવાર)**
**જે. એમ. એફ. સી., નિઝર.**
**યુ. આઈ. સી. – જીજે૦૧૬૩૭**

G.S. Pawar.
J. M.F. C., Nizar